# રાજયમાં ૨૪ કલાકમાં ૧૦૨૦ કેસ : ૨૫નાં મોત

## આજે રાજ્યમાં ૨૦૭૩૫ ટેસ્ટ કરવામાં આવ્યા : ૪૮૯૩૩૮ને ક્વોરેન્ટાઈન કરાયા, અત્યાર સુધી ૪૮૩૫૯ને ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર,તા.૦૪

રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૦૭૩૫ ટેસ્ટ કરવામાં આવતા ૧૦૨૦ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૬૫ હજારને પાર થઈ ૬૫૭૦૪ થયો છે. રાજ્યમાં ૨૫ મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૫૩૪ થયો છે. રાજ્યમાં આજે ૮૯૮ દર્દીઓ ડિસ્ચાર્જ કરવામાં આવતા આંકડો ૪૮ હજારને પાર થઈ કુલ ૪૮૩૫૯ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. રાજ્યમાં આજે એક્ટિવ કેસનો આંકડો ૧૪૮૧૧ થયો છે. જેમાં ૮૭ વેન્ટીલેટર પર અને ૧૪૮૧૧ સ્ટેબલ છે.રાજ્યમાં ગત સપ્તાહમાં કોરોનાનો દૈનિક આંકડો ૧૧૦૦ ને પાર જતો હતો તેમાં આરોગ્ય વિભાગને નજીવી રાહતના સમાચાર મળે તેમ બે દિવસથી આંકડો ઘટીને ૧૦૦૦ ને પાર જઈ અટક્યો છે.આરોગ્ય વિભાગની યાદી મુજબ આજે કોરોનાના લીધે ૨૫ ના મોત થયા છે.સુરત શહેરમાં ૮ અને ગ્રામ્યમાં ૩, અમદાવાદ શહેરમાં ૩, જામનગર શહેરમાં ૨ અને જીલ્લામાં ૧, ભાવનગરમાં ૧, જામનગરમાં ૧, રાજકોટમાં ૧, વડોદરામાં શહેરમાં ૧ અને જીલ્લામાં ૧ મોત નોંધાયા છે.અમદાવાદ શહેરમાં આજે ૧૩૮ અને ગ્રામ્યમાં ૧૫ સાથે ૧૫૩ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૨૭ હજારને પાર થઈ ૨૭૧૨૨ થયો છે. જ્યારે વધુ ૩ મોત સાથે ૧૬૧૨ કુલ મોત અમદાવાદમાં નોંધાયા છે. સુરત શહેરમાં ૧૯૪ અને જિલ્લામાં ૫૧ સાથે ૨૪૫ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૧૪ હજારને પાર થઈ ૧૧૪૦૭૧ થયો છે. આજે વધુ ૧૧ મોત સાથે મોતનો કુલ આંકડો ૪૫૭ પર પહોંચ્યો છે. વડોદરા શહેરમાં ૮૪ અને જિલ્લામાં ૨૧ સાથે ૧૦૫ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે.આજે વધુ ૨ મોત સાથે મૃત્યુઆક ૮૬ થયા હતા. રાજકોટ શહેરમાં ૬૧ અને જિલ્લામાં ૨૭ સાથે ૮૮ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે રાજ્યમાં ૫માં ક્રમાંકનું સૌથી વધુ કેસ ધરાવતું શહેર રાજકોટ શહેર થયું છે. આજે ૧ મોત સાથે કુલ મોત ૩૩ થયા છે.ગાંધીનગર જીલ્લામાં ૨૦ અને શહેરમાં ૮ સાથે ૨૮ કેસ નોંધાતા કુલ સંક્રમિતોનો આંકડો ૧૫૯૪ થયો છે.રાજ્યમાં અત્યાર સુધીમાં ૮,૬૫૪,૮૩૯ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં.જેમાં ૪,૮૯,૩૩૮ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યાં છે.જે પૈકી ૪,૮૯,૮૬૫ વ્યક્તિ હોમ ક્વોરન્ટાઇન છે અને ૧૪૭૯ વ્યક્તિ ફેસીલીટી ક્વોરન્ટાઈનમાં છે.

# ધાનેરાથી ફતેપુરાને જોડતો રોડ બિસ્માર હાલતમાં બનતા લોકો તેમજ નાના વાહનચાલકો પરેશાન

### ડાયર્વઝનને લઇ મોટા વાહનો પસાર થતા રોડ તૂટ્યો : જનાક્રોશ

ધાનેરા થી ફતેપુરા ને જોડતો રોડ બિસ્માર હાલતમાં બનતા ત્યાંથી પસાર થતાં વાહનચાલકો તેમજ અવર જવર કરતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે.

ધાનેરા અગ્રવાલ ત્રણ રસ્તા પાસે રેલવે ઓવર બ્રિજ બની રહ્યો છે જેને લઈ આજથી છ મહિના અગાઉ તંત્ર દ્વારા ભારે વાહનો માટે ડીસા થરાદ થી સાચોર અને સાંચોર થરાદ થી ડીસા માટે ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું અને સામાન્ય વાહનો માટે સામરવાડા ફતેપુરા થી ધાનેરા જોડતો માર્ગ તેમ જ ફતેપુરા થી સામરવાડા ને જોડતો માર્ગ તૂટી



જવા પામ્યો છે અને આ માર્ગ તૂટી જતાં સ્થાનિક લોકો પણ



ડાઈવર્ઝન આપવામાં આવ્યું હતું પરંતુ ભારે વાહન ચાલકો સામરવાડા ફતેપુરા થી ધાનેરા આવતા ફતેપુરા થી ધાનેરા ને ત્રાહિમામ પોકારી ઉઠયા છે તો બીજી તરફ ત્યાંથી પસાર થતા નાના વાહન ચાલકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ઉચ્ચ પાળિયા તળાવ નજીક રોડ તુટી જતાં મોટા મોટા ખાડા પડી ગયા છે અને આ ખાડામાં વરસાદી પાણી ભરાઈ જવાથી કીચડ જેવો માહોલ થયો છે આ જગ્યા પરથી પસાર થતાં લોકો તેમજ નાના વાહન ચાલકો પણ ભારે મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે અને ત્યાં જો નાના વાહન ચાલકો વાહનો ફસાઈ જાય તો લાંબા સમય સુધી ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યાંથી અવરજવર કરતા લોકો પણ ખૂબ જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે લોકો તંત્ર પાસે માંગણી કરી રહ્યા છે કે તાત્કાલિક ધોરણે આ રોડનું રીપેરીંગ કામ કરવામાં આવે અથવા તો નવો રોડ બનાવવામાં આવે.

# બનાસકાંઠામાં નવા ૩ કેસ, કુલ આંક ૮૫૦

### પાલનપુરમાં બે પુરૂષ અને એક મહિલા કોરોનાની ઝપટમાં

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે કોરોના પોઝિટિવ નવા ૩ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૮૫૦ પહોંચી ગઈ છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું લોકલ સંક્રમણ વધી રહ્યું છે. જ્યાં સોમવારે મોટાભાગની લેબોરેટરી બંધ હોવાના કારણે કેસ ડીકલેર કરાયા ન હતા. દરમિયાન મંગળવારે ત્રણ કેસ નોંધાયા હતા. જેમાં પાલનપુરમાં બે પુરૂષ અને એક મહિલા કોરોનાની ઝપટમાં આવ્યા હતા. કુલ પોઝિટિવ કેસની સંખ્યાનો કુલ આંક ૮૫૦ એ પહોંચ્યો છે. અત્યાર સુધીમાં કોરોનાથી ૪૪ વ્યક્તિઓના મોત નિપજ્યા છે.આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, કોરોના પોઝિટિવ દર્દીઓને કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા લોકોને હોમ કોરેન્ટાઇન કરવામાં આવી રહ્યા છે.

# ભિલોડા તાલુકાના ભુતાવડ ગામની મહિલાએ ઝેરી દવા ગટગટાવી મોતને વ્હાલું કર્યું

ભિલોડા,તા.૪

ભિલોડા તાલુકાના ભુતાવડ ગામની મહિલાએ રક્ષાબંધનના દિને કોઈ પણ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી મોતને વ્હાલું કર્યું હતું.મહિલાએ ઝેરી દવા ગટગટાવ્યા બાદ તબીયત લથડતા સારવાર અર્થે કોટેઝ હોસ્પિટલમાં ખસેડાયા પરંતુ મહિલાની સારવાર દરમ્યાન મોત નિપજતા ચકચાર મચી જવા પામી હતી.પરીવારજનો અને સગાં-સબંધીઓમાં ગમગીની છવાઈ હતી.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. બુન્નાબેન, કલ્પેશભાઈના જણાવ્યા મુજબ દાહોદ જીલ્લાના ફતેપુરા ગામના મુળ વતની કવિતાબેન ચિમનભાઈ કટારા (આશરે ઉંમર વર્ષ-૩૫) હાલ રહેવાસી. ભુતાવડ ગામમાં મહિલાએ કોઈ પણ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવતા તેઓની તબીયત એકાએક લથડતા તાબડતોબ કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા પરંતુ સારવાર દરમ્યાન મહિલાનું મોત નિપજ્યું હતું. પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. ચિમનભાઈ કટારાએ મહિલાના મોત સંદર્ભે પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસએ સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબ એ.ડી.નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



### વન કર્મચારીનો સન્માન સમારંભ યોજાયો

વિજયનગર તાલુકાના કણાદર ગામમાં હાસાંલ નર્સરીમાં વન કર્મચારી તરીકે ફરજ બજાવતા કાંતીભાઈ ટી.પંચોલા વય નિવૃત્ત વન કર્મચારીનો વિદાય અને સન્માન સમારંભ યોજાયો હતો. કણાદર ગ્રૂપ કેળવણી મંડળ, પ્રમુખ બિપીનચંદ્ર ગામેતી, સોલેસી વણકર સમાજના મંત્રી બાબુભાઈ ડાભી, નાથાભાઈ રેવડ, હિરાભાઈ ડાભી, રૂપસીભાઈ જાદવ, સુકાભાઈ ડાંગર, દાનજીભાઈ ગામેતી, બાલુભાઈ ગામેતી, શંકરભાઈ પંચોલા, રાજકીય, સામાજીક આગેવાનો સહિત સમાજના સ્નેહીજનોએ વય નિવૃત્ત વન કર્મચારીને શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માનભેર વિદાય સમારંભ યોજાયો હતો.

# ધાનેરામાં પણ મનરેગા કૌભાંડ : તાલુકા પંચાયતના અધિકારીઓનું ભેદી મૌન

### ખોટા જોબ કાર્ડ બાબતે ધાનેરા તાલુકા પંચાયતમાં રજૂઆત કરવા છતાં અધિકારીઓ મૌન

બનાસકાંઠા જિલ્લામાં મનરેગા કૌભાંડ ને લઈ અનેક સવાલો ઉઠવા પામ્યા છે ત્યારે જીગ્નેશ મેવાણી અને હાર્દિક પટેલ ના આક્ષેપ બાદ તંત્ર એક્શન માં આવ્યું છે અને ગેરરીતિ ના પગલે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે ત્યારે હવે જો વાત કરવામાં આવે તો ધાનેરા વિસ્તાર ની ધાનેરા વિસ્તાર માં પણ મોટા પાયે મનરેગા કૌભાંડ થયું હોય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે અને ધાનેરા વિસ્તાર માં કૌભાંડ માં ધાનેરા તાલુકા પંચાયત ના કેટલાક સત્તાધીશો પણ સામેલ હોય તેવું અરજદારો જણાવી રહ્યાં છે ધાનેરા તાલુકા ના અનેક ગામડાઓમાં ખોટા જોબકાર્ડ બનાવી કૌભાંડ આચર્યું છે તો કેટલાક ગામડાઓમાંથી તો જાગૃત નાગરિકો ધ્વરા પુરાવા સાથે ધાનેરા તાલુકા પંચાયત માં રજૂઆત કરી છે તેમ છતાં ધાનેરા તાલુકા પંચાયત ના અધિકારીઓ




આ બાબતે કાર્યવાહી કરવામાં એથિલિ નીતિ અપનાવે છે તેને લઈ અનેક સવાલો ઉભા થવા પામ્યા છે કેટલાક લોકો ને તો ખબર પણ નથી હોતી અને અને તેમના નામ જોબકાર્ડ માં ચાલતા હોય છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ડીડીઓ શ્રી દ્વારા ધાનેરા માં પણ તાપસ ના આદેશ આપવામાં આવે તો કરોડો નું કૌભાંડ બહાર આવના એંધાણ વર્તાઈ રહ્યા છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે ધાનેરા માં ક્યારે મનરેગા કૌભાંડ બાબતે તાપસ થાય છે.

# પાલનપુર પાલિકાના તત્કાલીન અને વર્તમાન ઓફિસરને ૧૦ હજારનો દંડ

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ગેરકાયદે બાંધકામોનો રાફડો ફાટ્યો છે. ત્યારે ગેરકાયદે બાંધકામો અંગેની માહિતી સમય મર્યાદામાં અરજદારને પુરી ન પાડવા બદલ પાલનપુર નગરપાલિકાના વર્તમાન અને તત્કાલિન ચીફ ઓફિસરને માહિતી કમિશનર દ્વારા પ્રત્યેકને રૂ.દસ હજાર રૂપિયાનો દંડ ફટકારતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર શહેરમાં જિલ્લા પંચાયતની સામે આવેલા શોપિંગ સેન્ટરોના લે- આઉટ પ્લાન અને તેમજ શહેરના કોઝી વિસ્તાર અને ઢુઢીયાવાડી વિસ્તારમા મંજૂરી વગર થયેલા બાંધકામ વિરુદ્ધ પાલિકા દ્વારા કરાયેલી કાર્યવાહીની વિગતો અરજદાર કાંતિભાઈ સોલંકી દ્વારા નગરપાલિકામાં માગવામાં આવી હતી. જોકે, નગરપાલિકા દ્વારા અરજદારને અપૂરતી અને અધુરી માહિતી પૂરી પાડવામાં આવતા અરજદારે જાહેર માહિતી કમિશનરને અપીલ કરી હતી. અપીલ સંદર્ભે માહિતી કમિશનર દ્વારા નગરપાલિકાના તત્કાલીન ચીફ ઓફિસર પંકજ બારોટ ને દસ દિવસમાં વિનામૂલ્યે માહિતી પુરી પાડવાનો આદેશ કર્યો હતો. જોકે, અરજદારે વારંવાર અપીલ કરી હોવા છતાં તત્કાલીન ચીફ ઓફિસર પંકજ બારોટ અને વર્તમાન ચીફ ઓફિસર સતીશ પટેલ અરજદારને જાહેર માહિતી અધિકાર હેઠળ માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ જતા રાજ્યના માહિતી કમિશનર દ્વારા તત્કાલીન ચીફ ઓફિસર પંકજ બારોટ અને વર્તમાન ચીફ ઓફિસર સતીષ પટેલ પ્રત્યેકને રૂ.૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

### નવા ૨૦ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે અમદાવાદના વટવા વિસ્તારની પ્રા. શાળામાં આચાર્ય તરીકે આ મહિલા દર્દી નોકરી કરે છે. ગાંધીનગરમાં તાજેતરમાં ભેળવવામાં આવેલ પેથાપુર નગરપાલિકા વિસ્તારમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. પેથાપુરમાં કોરોનાના કેસો ૫૦ ની સંખ્યાને પાર કરી ગયાનું જાણકારોનું કહેવુ છે. આમેય આ વિસ્તાર હોટસ્પોટ બની ગયેલ છે. પેથાપુરમાંથી આજે એક ૬૪ વર્ષીય પુરૂષ અને ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૭ વર્ષીય પુરૂષ મહેસાણા જિલ્લાના કડીમાં એક ઉદ્યોગગૃહમાં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે.

કોબામાંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. આ બન્ને કેસ મહિલા દર્દીના છે. જેમાં એક ૨૯ વર્ષીય મહિલા અને ૩૨ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. પ્રાંતિયામાંથી પણ એક ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં બે કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાંથી એક કેસ નોંધાયો છે. બાપુપુરા ગામેથી એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા અર્બનમાંથી એક ૬૦ વર્ષીય મહિલા તેમજ ૨૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાંથી આજે ૬ કેસ નોંધાયા છે. જેમાં ૪ કેસ અર્બન વિસ્તારમાંથી અને બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. કલોલ તાલુકાના છત્રાલ ગામેથી એક ૫૦ વર્ષીય પુરૂષનો તેમજ સઈજ ગામેથી એક ૬૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૧ માંથી એક ૩૧ વર્ષીય પુરૂષ અને ૨૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે અર્બન-૨ વિસ્તારમાંથી ૫૬ વર્ષીય પુરૂષ અને ૬૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાંથી ૨૩૦ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં હાલ ૧૭,૩૯૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લામાં આજે ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રની યાદીમાં જણાવ્યા મુજબ ૮૬૨ દર્દીઓ સંપૂર્ણ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

### વધુ ૮ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ સ્ટાફ બ્રધર તરીકે નોકરી કરતા અને સે. ૧૨ માં રહેતા એક ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. સ્ટાફ બ્રધરના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માં રહેતી એક ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ મહિલાના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૪ માંથી આજે બીજો કેસ ટ્રાવેલ એજન્સીનો ધંધો કરતા એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ખાતે આ યુવાન ધંધો કરે છે. તેને પણ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. એમ.આર. તરીકે ખાનગી ફાર્મા કંપનીમાં નોકરી કરતો અને સે. ૪ માં રહેતા એક ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ એમ.આર.ને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. પ્રાઈવેટ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા અને સે. ૬ માં રહેતા એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોન્ટ્રાક્ટરને પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ તેમના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. ટી.સી.એસ.માં જોબ કરતા અને સે. ૧૭ માં રહેતા એક ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૭ માં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રને ચિંતાઓ વધી છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરેલ છે. આ યુવાનના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં નોંધાયેલા કેસો પૈકી ૧૨૪ જેટલા દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૩૮૪ દર્દીઓને રિકવરી થતાં ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે. હાલ શહેરમાં ૩૫૦ જેટલા ક્વોરોન્ટાઈન હેઠળ છે.

### કલમ-૩૨ પી...

● ત્રીજા પાનાનું ચાલુ

સહકારી કૃષિ મંડળીઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અશતઃ માલિક અને અશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ક્ષેત્રફળમાં વધારે મોટી હોઈ પણ ટોચમર્યાદા વિસ્તાર કરતા ઓછી જમીન ધારણકર્તા હોય તે ખેડૂતોને અને ખેડૂતો સિવાયની ખેતીનો ધંધો કરવા માંગતી હોય તે વ્યક્તિઓને.

આવી વ્યક્તિ અથવા મંડળી અનુસુચિમાં તેની સામે જણાવેલી કિંમત ખરીદવા માટે ખુશી છે કે કેમ ? તે બાબત કલેકટરને પહેલા લેખિત જણાવવી આવી કિંમત કલમ – ૩૨ પી ની પેટા કલમ(૫) મુજબ કલેકટર નક્કી કરે તેવા વાર્ષિક હપ્તાઓમાં ભરવાની થશે.

# ગુજરાતમાં કોરોનાનો કહેર, પૂર્વ મહિલા કોર્પોરેટરનું મોત

### કચ્છના મહિલા ધારાસભ્યના પતિનો રિપોર્ટ પણ પોઝિટિવ

અમદાવાદ, તા.૦૪

રાજ્યમાં કોરોના વાયરસે માઝા મૂકી છે. દિનપ્રતિદિનના પોઝિટિવ કેસમાં હવે રાજનેતાઓ પણ કોરોનાની ઝપટમાં આવ્યા છે. રાજ્યમાં કોરોના વાયરસના કારણે સુરત શહેરના પૂર્વ મહિલા કોર્પોરેટરનું નિધન થયું છે. જ્યારે કચ્છના રાપરના મહિલા ધારાસભ્યના પતિનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

દરમિયાન ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના ભાઈનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હોવાના અહેવાલ છે. સુરત શહેરમાં કોરોનાના સૌથી વધુ કેસ આવી રહ્યા છે. તેવામાં ભારતીય જનતા પાર્ટીના પૂર્વ કાઉન્સીલર ઉર્મિલા બેન રાણાનું આજે કોરોના વાયરસની સારવાર દરમિયાન અવસાન થયું છે. તેઓ લાંબા સમયથી કોરોના વાયરસની સારવાર લઈ રહ્યા હતા.

દરમિયાન આજે તેમનું અવસાન થયા બાદ તેમના પરિવારને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યો છે.

દરમિયાન એક સમયે કોરોનાના સંક્રમણથી બચી ગયેલો કચ્છ જિલ્લો હવે કોરોનાના અજગર ભરડામાં લપેટાયો છે. કચ્છમાં આજે રાપર મત વિસ્તારના મહિલા ધારાસભ્ય સંતોકબેન આરેઠિયાના પતિ ભયુભાઈ આરેઠિયાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમને લક્ષણો જણાતા ભૂજમાં ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૯ તાલુકામાં મેઘમહેર

ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૯ તાલુકામાં વરસાદ વરસ્યો છે. ખાસ કરીને ગીર સોમનાથ જિલ્લામાં મેઘરાજાની અવિરત મહેર થઈ રહી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાંથી પ્રાપ્ત માહિતી મુજબ સવારે ૬ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં વેરાવળમાં ૫ ઈંચ, સૂત્રાપાડામાં ૩ ઈંચ અને માંગરોળમાં ૩ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.

આજે (૪ ઓગસ્ટ,૨૦૨૦) સવારે છ વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધીમાં ભાવનગર જિલ્લાના તળાજામાં ૧.૪૫ ઈંચ, જાફરાબાદ તાલુકામાં ૧.૩૭ ઈંચ અને ખાંભામાં ૧.૨૯ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાંથી પ્રાપ્ત માહિતી મુજબ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ જિલ્લાના ૨૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે. આમ રાજ્યાં ૪ ઓગસ્ટ,૨૦૨૦ સુધીમાં ચોમાસાની સિઝનના સરેરાશ વરસાદનો ૪૩.૧૫ ટકા વરસાદ થયો છે.

### ઓચ્છવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહાનુભાવો આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનશે. સમગ્ર કાર્યક્રમનું લાઈવ પ્રસારણ થવાથી આવતીકાલે ભારતના કરોડો-કરોડો હિન્દુઓ, રામભક્તો અને જેઓ રામજન્મભૂમિ આંદોલન સાથે એક યા બીજી રીતે જોડાયેલા રહ્યાં તેઓ ટીવીના માધ્યમથી ભૂમિપૂજનનો લાઈવ કાર્યક્રમ જોઈને ધન્યતા અનુભવશે. સમગ્ર અયોધ્યા નગરીને પોલીસ છાવણીમાં ફેરવીને હિન્દુ સમાજના આ ઐતિહાસિક કાર્યકર્મમાં કોઈ વિઘ્ન ન નાંખે તેનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આવતીકાલ ભમિપૂજન બાદ ૨૦૨૪ સુધીમાં ૩ માળનો ભવ્ય રામમંદિર તૈયાર થઈ જાય તેવી ગણતરી છે. મંદિરની ડિઝાઈન ગુજરાતના સોમપુરા પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવી છે.

યુપીમાં સમગ્ર યોગી સરકારે એક માત્ર આવતીકાલના રામમંદિર શિલાન્યાસ કાર્યક્રમને પાર પાડવા કમર કસી છે. સમગ્ર યુપીનું પોલીસ તંત્ર ઉપરાંત કેન્દ્રીય સુરક્ષા બળો, આઈબી તંત્ર, કમાન્ડો વગેરે. અયોધ્યામાં જ્યાં જ્યાં વડાપ્રધાન આવતીકાલે મુલાકાત લેવાના છે એ તમામ સ્થળોને લોખંડી સુરક્ષા કવચમાં ફેરવી નાંખવામાં આવ્યું છે.

સૂત્રોએ કહ્યું કે ૪૦૦ વર્ષના ઈતિહાસમાં અયોધ્યામાં ફરીથી એ જ જગ્યાએ ભગવાનશ્રીરામનું ભવ્ય મંદીર બનવા જઈ રહ્યું છે કે જે મંદીર વીએચપીના દાવા પ્રમાણે, ૪૦૦ વર્ષ પહેલા તે વખતના શાસક બાબરે તોડીને બાબરી મસ્જીદનું નિર્માણ કરાવ્યું હતું. હિન્દુ સમાજની ૪૦૦ વર્ષની લડત અને તપસ્યાનો આવતીકાલ ૫ ઓગસ્ટના રોજ અંત આવી રહ્યો છે.

અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે ત્રણ દિવસીય અનુષ્ઠાનનો આજે બીજો દિવસ છે. અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે ત્રણ દિવસીય અનુષ્ઠાનનો આજે બીજો દિવસ છે. અયોધ્યામાં અનુષ્ઠાનના બીજા દિવસે રામ જન્મભૂમિ ખાતે રામઅર્ચન પૂજાની શરૂઆત થઈ છે. કાશી અને અયોધ્યાના ૯ વેદાચાર્ય પૂજા કરી રહ્યા છે. તે છ કલાક ચાલશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય રાજા વિમલેન્દ્ર પ્રતાપ મિશ્રા અને તેમની પત્ની હાજર છે.

મંગળવારે રામ જન્મભૂમિ ખાતે વૈદિક રીતે વાસ્તુ શાંતિ, શિલા સંસ્કાર અને નવગ્રહ પૂજા થઈ છે. તે પછી શ્રી હનુમાનગઢીના વિશેષ પ્રતીકોની પૂજા કરવામાં આવશે. તે વર્ષો પછી થવા જઈ રહી છે. ભૂમિપૂજન બુધવારે બપોરે ૧૨:૩૦ કલાકે શરૂ થશે, જે ૧૦ મિનિટ સુધી ચાલશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ૩ કલાક અયોધ્યામાં રોકાશ કાશી, પ્રયાગરાજ અને અયોધ્યાના ૯ વૈદિક આચાર્ય આ પૂજા કરશે. ભગવાન રામના નામનો જાપ થશે. તે જ સમયે, ૫ ઓગસ્ટે, ભૂમિપૂજન કાર્યક્રમના યજમાન વીએચપીના પ્રમુખ રહેલા અશોક સિંઘલના પુત્ર સલીલ હશે

### સારા સમાચાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો છે. જ્યારે સોમવારે દેશમાં ૪૩.૦૭૦ દર્દીઓ સ્વસ્થ થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. આ સાથે જ દેશમાં કોરોનાનો રિવકરી રેટ ૬૬.૩૪ ટકા પર પહોંચ્યો છે. એટલે કે દર ૧૦૦ કોરોના દર્દીઓમાંથી ૬૬ લોકો સ્વસ્થ થઈ રહ્યાં છે. ઝસ્ઈએ કહ્યું કે બે ઓગસ્ટ સુધીમાં કુલ ૨,૦૨,૦૨,૮૫૮ નમૂનાનું પરિક્ષણ કરાઉં જેમાંથી ૩,૮૧,૦૨૭ નમૂનાનું પરિક્ષણ રવિવારે થયું. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં ૩,૮૧,૦૨૭ નમૂનાની તપાસ સાથે જ પ્રતિ ૧૦ લાખ વસ્તી પર ટેસ્ટિંગની સંખ્યા વધીને ૧૪૬૪૦ થઈ ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, ભારત હાલમાં વિશ્વભરમાં બીજા નંબરે છે. તેના પહેલાં બ્રાઝિલ અને અમેરિકા છે. બ્રાઝિલમાં અત્યાર સુધીમાં ૨,૭૫૧,૬૬૫ કેસ નોંધાયા છે, જેમાંથી ૯૪,૭૦૨ લોકો મૃત્યુ પામ્યા છે અને હાલમાં અહીં ૭,૪૪,૬૪૪ કેસ સક્રિય છે. અહીં અત્યાર સુધીમાં ૧૯,૧૨, ૩૧૯ લોકો સાજા થયા છે. ત્યારે અમેરિકામાં અત્યાર સુધીમાં ૧,૫૮,૯૨૯ લોકોનાં મોત નીપજ્યાં છે જ્યારે ૨૪,૪૬,૭૯૮ લોકો સાજા થયા છે જ્યારે અહીં લગભગ ૪૯ લાખ કેસ નોંધાયા છે.

### ખતમ થવા લાગશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ ખાસ કરીને ધારાવીના ગીચ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં કોરોના સંક્રમણ પર ધીરે-ધીરે નિયંત્રણ મેળવી શકાયું છે. આ મોટા શહેરો આપણા માટે કોરોનાને નિયંત્રણ કરવા માટે આશાનું કિરણ છે. આ ડોક્ટરે જણાવ્યું કે સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધીમાં કોરોના વાયરસના સંક્રમણનો દર ઘટવા લાગશે અને આગામી વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૧ની શરૂઆત સુધીમાં આપણી પાસે કોરોનાની વેક્સિન (રસી) હશે. કોરોના એટલો વધુ પણ ખતરનાક નથી. દર્દીઓને તે વાતની જાણકારી હોવી જોઈએ કે જો તેઓ બીમાર થાય છે તો તેઓ માટે હોસ્પિટલ છે. જ્યાંથી તેઓ સાજા થઈ શકે છે. જ્યારે કોરોના વાયરસની શરૂઆત થઈ ત્યારે તે આપણા માટે નવો હતો. રાજ્યોએ કોરોનાનું સંક્રમણ ફેલાતુ અટકાવવા માટે કડક પગલા લીધા, લાંબા સમય સુધી લોકડાઉન આ મહામારીનો ઉપાય નથી. જો ધીરે-ધીરે અનલોક થઈએ નહીં તો આપણી અર્થવ્યવસ્થા પર અસર પડે. આપણી હેલ્થ ઈન્ડસ્ટ્રી સંઘર્ષ કરી રહી છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૧,૮૦૩,૬૯૫ કેસ નોંધાયા છે.